● વેરાવળ શહેરનાં પ્રજાપતિ સમાજના મહિલા અગ્રણી શ્રીમતિ કિરણબેન મનીષભાઈ વિસાવાડીયાને ગુજરાત પ્રદેશ આઈ.ટી. સેલના પ્રમુખ આદરણીય શ્રી રોહનભાઈ ગુપ્તાની સુચના અનુસાર ગીર-સોમનાથ જીલ્લા આઈ.ટી. સેલના પ્રમુખ શ્રી શૈલેન્દ્રસિંહ રાજપુત દ્વારા જીલ્લા આઈ.ટી. સેલના ઉપપ્રમુખ પદે નિમણુંક કરતાં તેઓ રાજકીય ક્ષેત્રે ઉત્તરોત્તર સફળતા મેળવી પ્રજાપતિ સમાજનું તેમજ ગીર-સોમનાથ જીલ્લાનું ગૌરવ વધારે તેવી અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ તરફથી શુભકામના સાથે ખૂબ ખૂબ અભિનંદન.

● શ્રી સાર્વજનિક સાયન્સ કોલેજ, મહેસાણાના આચાર્ય પદે કાર્યભાર સંભાળતા અને વિસનગર પ્રજાપતિ સમાજના શિક્ષણ કન્વીનર ડૉ.રાજેન્દ્રકુમાર અમૃતભાઈ એલ. પ્રજાપતિ એ તાજેતરમાં 'સ્ટડીઝ ઓન માઈકોફ્લોરા એસોસીએટેડ વિથ ડેન્ટલ કેરીઝ' શીર્ષક પર માઈકોબાયોલોજી વિષયમાં ડૉ.ભૈરવસિંહ રાઓલના માર્ગદર્શન હેઠળ ગણપત યુનિવર્સિટી, ખેરવાથી પી.એચડી. મેળવી છે. પ્રજાપતિ સમાજ આ તબક્કે હર્ષની લાગણી અનુભવે છે.

● સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વિવિધ જિલ્લાઓમાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ યોજના શરૂ કરવામાં આવેલ છે. જેમાં પાટણ બી.એમ. હાઈસ્કૂલના ધોરણ-૮ના વિદ્યાર્થી સ્મિત પરેશકુમાર પ્રજાપતિની સ્વીમીંગ રમત માટેના પ્રુવન ખેલાડી તરીકે પસંદગી કરવામાં આવી છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કૂલ (ડી.એલ.એસ.એસ.) સ્વીમીંગ સ્કૂલ બરોડા ખાતે ઉર્મિ સ્કૂલમાં પાટણ જિલ્લામાંથી પસંદ થયેલ છે. સ્મિતે પ્રુવન ટેલેન્ટ ખેલાડી તરીકે પસંદગી પામી પરિવાર અને પ્રજાપતિ સમાજનું ગૌરવ વધાર્યું છે.

● સુરત મુકામે દંઢાવ્ય ૬૬ ગોળ પ્રજાપતિ સમાજનો ૧૨મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તા.૧૫-૧-૧૭ના રોજ વાટલિયા પ્રજાપતિ સમાજની વાડી કતારગામ ખાતે યોજાયો. સમારંભના પ્રમુખ શ્રી વીરાભાઈ અંબારામભાઈ પ્રજાપતિ (દેત્રોજપુરા) મુખ્ય મહેમાનશ્રી હિતેન્દ્રભાઈ અંબારામ પ્રજાપતિ (દેત્રોજપુરા) તથા ઈલાબેન મોહનદાસ (મુંબઈ) અને અતિથિવિશેષ પોપટભાઈ એસ. પ્રજાપતિ (મહેસાણા) વગેરેની જહેમત અને સેવા સાથે વિદ્યાર્થીઓને રાહતદરે ટ્યુશન ફી વગેરેની જાહેરાત થતા આનંદ થયો. અભિનંદન.

● ભારત સરકાર તરફથી મહેસાણા શહેરના જયશ્રીબેન શકરાભાઈ ઓઝાની નિમણૂંક મહિલા નોટરી તરીકે થઈ. તેમણે ૧૯૫૨ ઉમેદવારોમાંથી ૩૨૪માં નંબરે ઉત્તિર્ણ થઈ સમાજનું ગૌરવ વધાર્યું. અભિનંદન.

● શ્રી સમસ્ત વાટલીયા પ્રજાપતિ વિભાગ, સુરતના ઉપક્રમે તા. ૨-૩-૧૭થી બુક બેન્કનો પ્રારંભ કરવામાં આવ્યો. આ બુક બેન્કમાંથી મેડિકલ, એન્જિનિયરીંગ, સી.એ. તથા વકીલાત જેવા વ્યવસાય માટે પુસ્તકોની લેવડ દેવડ થઈ શકશે. આ અંગે શ્રી મનુભાઈ પરસોત્તમભાઈ બાપોતરા, કતારગામ, સુરતનો સંપર્ક જરૂરી છે. વિદ્યાર્થીઓને આ બુક બેન્કનો લાભ મળી શકશે.

● શ્રી ભક્તિભાઈ સેધાભાઈ પ્રજાપતિની નિમણૂંક ગુજરાત કોંગ્રેસ તરફથી ગાંધીનગર જિલ્લા સંગઠન મંત્રી તરીકે, રણછોડભાઈ ખોડીદાસ પ્રજાપતિની નિમણૂંક ગાંધીનગર જિલ્લા બક્ષીપંચના ચેરમેનશ્રી તરીકે અને શ્રી દિનેશભાઈ જી. પ્રજાપતિની નિમણૂંક કલોલ તાલુકા કો.સમિતીના પ્રમુખશ્રી તરીકે થઈ છે. અભિનંદન.



# સંસ્થા સમાચાર

**(૧) અખિલ ભારતીય પ્રજાપતિ (કુંભકાર) મહાસંઘ ગુજરાત પ્રદેશ આયોજિત મહિલા પાંખ સંચાલિત પ્રજાપતિ મહિલા જાગૃતિ મહાસંમેલન - સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ** તા.૫-૩-૨૦૧૭ ને રવિવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે રસરાજ પાર્ટીપ્લોટ, સરદાર પટેલ રીંગ રોડ, કઠવાડા ક્રોસ રોડ, અમદાવાદ ખાતે ગુજરાતભરની સાત હજાર મહિલાઓની ઉપસ્થિતિમાં શ્રીમતી શારદાબેન નરસિંહભાઈ પ્રજાપતિ નંદાસણવાળાની અધ્યક્ષતામાં યોજાયું. આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટક શ્રીમતી વિશાખાબેન કલ્પેશકુમાર પ્રજાપતિ બોરૂ, રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ શ્રીમતી શીલાબેન પ્રજાપતિ - છત્તીસગઢ, મહેસાણા સાંસદ શ્રીમતી જયશ્રીબેન કે. પટેલ, આરોગ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, આયોજન પંચ ડીરેક્ટર શ્રીમતિ નૌકાબેન પ્રજાપતિ, ગુજરાત એસ.ટી. નિગમ ડિરેક્ટર શ્રી દિનેશભાઈ અનાવાડિયા, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ડીરેક્ટર અને મ્યુ. કાઉન્સિલર અમદાવાદ શ્રી ધનજીભાઈ યુ. પ્રજાપતિ, આર્શીવચન આપનાર પરમ પૂજ્ય સદગુરુશ્રીમાં અગ્નિશિખાજી અમદાવાદ, ભોજન દાતાશ્રી શ્રીમતી મંજુલાબેન ડાહ્યાભાઈ શંકરદાસ પ્રજાપતિ-ચરાડા, સહયોગી ભોજનદાતા પૂજ્ય ડાહીબા મોહનદાસ પ્રજાપતિ, પ.પૂ. પ્રવિણ માડી કમાલપુર અમદાવાદ, સહયોગી ભોજનદાતાશ્રી મંગળદાસ બેચરદાસ પ્રજાપતિ ભામાસા ઈંટ ઉદ્યોગપતિ ધોળાસણ, રાષ્ટ્રીય સંરક્ષક શ્રી સોમાભાઈ એ પ્રજાપતિ (પાઘડી સેઠ) અમદાવાદ, રાષ્ટ્રીય મહાસચિવ શ્રી ગોરધનભાઈ પ્રજાપતિ - મુંબઈ, રાષ્ટ્રીય ધર્માચાર્ય સંતશ્રી પુરષોત્તમદાસજી મહારાજ વિજાપુર, રાષ્ટ્રીય મહિલા ઉપાધ્યક્ષ શ્રીમતી રંજનબેન પ્રજાપતિ - મહેસાણા, રાષ્ટ્રીય મહિલા ઉપાધ્યક્ષ શ્રીમતિ શારદાબેન લાઠીયા - ઉના, રાષ્ટ્રીય મહિલા મહાસચિવ શ્રીમતી નીરૂબેન એમ. પ્રજાપતિ-ચાંદલોડીયા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ વિષ્ણુભાઈ ટી. પ્રજાપતિ - મહેસાણા, મુખ્ય મહેમાનશ્રીઓમાં શ્રી ગણેશભાઈ પ્રજાપતિ, શ્રીમતી ડૉ.પંક્તિબેન દેવેન્દ્રકુમાર પ્રજાપતિ, શ્રીમતી શ્રદ્ધાબેન નૈમીષકુમાર પ્રજાપતિ, શ્રીમતિ મિનાક્ષીબેન અમૃતભાઈ પ્રજાપતિ, શ્રીમતી સવિતાબેન શંકરલાલ પ્રજાપતિ, શ્રીમતિ શારદાબેન નટુભાઈ પ્રજાપતિ, શ્રીમતિ કૈલાશબેન રમેશભાઈ પ્રજાપતિ, શ્રીમતિ મધુબેન અજીતભાઈ પ્રજાપતિ, શ્રીમતી મીનાબેન બળદેવભાઈ ઓધાણી, અતિથિ વિશેષ શ્રીમતિ કોકીલાબેન ગોપાલભાઈ પ્રજાપતિ, શ્રીમતિ ચંદ્રિકાબેન કાંતિલાલ પ્રજાપતિ, શ્રીમતી મણીબેન સોમાભાઈ પ્રજાપતિ, શ્રીમતી પુષ્પાબેન નરેશભાઈ પ્રજાપતિ, શ્રીમતી નીતાબેન જીતેન્દ્રકુમાર પ્રજાપતિ, શ્રીમતી હંસાબેન નાગરભાઈ લખતરીયા, શ્રીમતી આનંદીબેન નારણભાઈ પ્રજાપતિ, શ્રીમતી વર્ષાબેન એસ. પ્રજાપતિ, શ્રીમતિ લાભુબેન એલ. કોશીયા, શ્રીમતી મોતીબેન કાનજીભાઈ પ્રજાપતિ તેમજ મ્યુ. કાઉન્સિલર શ્રીમતિ ગીતાબેન પ્રજાપતિ, શ્રીમતિ યોગિનીબેન પ્રજાપતિ - પાટણ, શ્રીમતિ લલીતાબેન આર. ઓઝા, વડોદરા, તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી ગોવિંદભાઈ એમ. પ્રજાપતિ અને તેમની આખી ટીમ, ગુજરાત યુવા અધ્યક્ષ શ્રી અજીતભાઈ એન. પ્રજાપતિ અને તેમની

ટીમ તેમજ આ કાર્યક્રમની સંચાલિત મહિલા અધ્યક્ષ શ્રીમતિ ક્રિષ્નાબેન એ. ઓઝા, શ્રીમતી નીરૂબેન પ્રજાપતિ, ચંદ્રિકાબેન કે. પ્રજાપતિ, શ્રીમતિ મિનાક્ષીબેન પ્રજાપતિ તેમજ અન્ય સહયોગી કાર્યકર, હોદ્દેદાર બહેનોની ખાસ ઉપસ્થિતિ નજરે લાગતી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં મણિબા શિક્ષણ સંકુલી બાળાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીતથી કરવામાં આવી, ત્યારબાદ કાર્યક્રમને ઉદ્‌ઘાટકશ્રી, સમારંભના અધ્યક્ષશ્રી, પૂજ્ય અગ્નિશિખાજી તેમજ મહિલા અધ્યક્ષ શ્રીમતી ક્રિષ્નાબેન દ્વારા દિપ પ્રગટાવી ખુલ્લો મુકવામાં આવેલ. મહિલા અધ્યક્ષ શ્રીમતી ક્રિષ્નાબેન એ. ઓઝાએ સ્વાગત પ્રવચન કરી તમામ અમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપેલ. ત્યારબાદ અખિલ ભારતીય કુંભકાર મહાસંઘના આમંત્રણને માન આપી પધારેલ તમામ મહનુભાવોનું ફુલહાર, શાલ અને મોમેન્ટ આપી સ્વાગત કરવામાં આવેલ. તેમજ અન્ય સંસ્થામાંથી પધારેલ હોદ્દેદારોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવલે. ત્યારબાદ મણિબા શિક્ષણ સંકુલની બાળાઓએ 'કાચી માટીનો ગરબો કોરાયો' ગરબો અભિનય સાથે રજુ કરેલ. પ્રાસંગિક પ્રવચનમાં રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ શ્રીમતિ શીલાબેન, પ્રદેશ ભાજપા મંત્રી શ્રીમતિ નૌકાબેન પ્રજાપતિ, આર્શીવચન પરમપૂજ્ય સદગુરુ શ્રી માં અગ્નિશિખાજી, તેમજ મહેસાણા સાંસદ શ્રીમતિ જયશ્રીબેન કે. પટેલ આયોજન પંચ ડીરેકટર શ્રીમતિ નૌકાબેન પ્રજાપતિ વિગેરેએ સમાજ જીવનમાં મહિલાઓની ભૂમિકા, સમાજ વિકાસમાં મહિલાઓનું યોગદાન નારી નું નારાયણીને સાકાર કરવામાં મહિલાઓની વિશેષતા વિશે તેમજ રાજકીય ભાગીદારીમાં મહિલાની પુરૂષ સોમવડી ગણેલ. માન. આરોગ્યમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ આ કાર્યક્રમને શુભેચ્છા પાઠવી આવેદનપત્ર અંગે સરકારમાં રજુઆત કરી ઘટતું કરવાની ખાત્રી આપેલ. આ પ્રસંગે મહાસંઘના ઉપાધ્યક્ષ શ્રીમતિ નીરૂબેન મ. પ્રજાપતિને તેમની કાર્યદક્ષતાને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રીમતિ શીલાબેન પ્રજાપતિએ તેઓની રાષ્ટ્રીય મહાસચિવ તરીકેની નિમણુંક આપેલ. જેને સમગ્ર સભાગૃહે તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવેલ. ત્યારબાદ મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અનુસંધાને મહિલા સશક્તિકરણ અભિયાન એટલે સમાજ જીવનનો સર્વાંગી વિકાસ વક્તા શ્રીમતી મનીષાબેન પી. પ્રજાપતિ,

- દિકરી વ્હાલનો દરિયો - વક્તા - પ્રગતિ પીનાકીનભાઈ
- છુટાછેડા અને કુરિવાજો સમાજની ગંભીર સમસ્યા, વક્તા ભગવતીબેન ડી. પ્રજાપતિ
- કુમારી અક્ષતા પ્રજાપતિ, ગાંધીનગર સુંદર 'દેશ રંગીલા' ગીતનો ડાન્સ રજુ કરેલ.
- સ્ત્રી ભૃણ હત્યા બેટી બચાવો, વક્તા - પૂર્વિબેન કનુભાઈ પ્રજાપતિ
- બાળકોમાં સુસંસ્કારોનું સીંચન અને બાળ વિકાસમાં માતાની ભૂમિકા, વક્તા-ભગવતીબેન એલ.વઢીયાળી
- રાજકીય ક્ષેત્રે મહિલાઓનું મહત્વ, વક્તા - ડૉ.મેઘના પ્રજાપતિ
- સામાજીક અને આર્થિક ક્ષેત્રે મહિલાનું મહત્વ-વક્તા - ડૉ.પંક્તિબેન ડી. પ્રજાપતિ



- સરકારી યોજનાઓમાં મહિલાની ભૂમિકા, વક્તા - ભારતીબેન પી. પ્રજાપતિ

તેમજ રાષ્ટ્રીય મહાસચિવ શ્રી ગોરધનભાઈ પ્રજાપતિએ સરકારના આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીને માટી કલાકારી બોર્ડમાં પ્રજાપતિના સમાવેશ માટે આવેદનપત્ર આપેલ.

- શ્રી ધનજીભાઈ યુ. પ્રજાપતિ, ડીરેક્ટર, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ એ પ્રજાપતિ સમાજના પ્રશ્નોને વાચા આપેલ.
- ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી ગોવિંદભાઈ એમ. પ્રજાપતિએ પ્રજાપતિ સમાજના વણ ઉકેલાયેલા પ્રશ્નો તેમજ સરકારમાં બોર્ડ, નિગમ અને સંગઠનમાં પ્રજાપતિ સમાજને પ્રતિનિધિત્વ આપવા રજુઆત કરેલ.

આ મહિલા સશક્તિકરણ કાર્યક્રમને સફળ બનાવવા બદલ વસ્રાલ પ્રજાપતિ સમાજના પ્રમુખશ્રી અમૃતભાઈ બબાભાઈ પ્રજાપતિ, સંયોજક શ્રી મહેશબાઈ પ્રજાપતિ, જેઓએ મીડિયા તેમજ પ્રચાર પ્રસારની જવાબદારી સંભાળેલ, તેવા શ્રી કનુભાઈ કે. પ્રજાપતિ, નવા નરોડા પ્રજાપતિ સમાજના પ્રમુખ શ્રી ગણપતભાઈ પ્રજાપતિ, મંત્રીશ્રી મહેશભાઈ પી. પ્રજાપતિ, શ્રી રસીકભાઈ પ્રજાપતિ, શ્રી જયંતિભાઈ પ્રજાપતિ, મણીબા શિક્ષણ સંકુલના શ્રીમતી ભગવતીબેન કે જેઓ દ્વારા સુંદર પ્રાર્થના સ્વાગત ગીત - ગરબો રજુ કરવામાં આવેલ. ઉત્તર ગુજરાત ચોર્યાસી પ્રજાપતિ સમાજ પ્રમુખ પરમ પૂજ્ય પ્રવિણ માડીનું તેમજ રસોડા વ્યવસ્થા સંભાળનાર વસ્રાલ મિત્ર મંડળ, પાણી વ્યવસ્થા સંભાળનાર વસ્રાલ તેમજ નરોડાની બહેનોની પ્રશંસનિય કામગીરી આ કાર્યક્રમને સફળ બનાવવાના ભાગીદાર રહ્યા.

આ કાર્યક્રમને આર્થિક રીતે, સામાજીક રીતે, રાજકીય પક્ષને સહયોગ આપનાર રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી ધનજીભાઈ પ્રજાપતિ, શ્રી દિનેશભાઈ અનાવાડિયા, શ્રીમતિ નૌકાબેન પ્રજાપતિ, મહાસંઘના ઉપાધ્યક્ષ શ્રી ગોપાલભાઈ, મહાસંઘના ઉપાધ્યક્ષશ્રી શંકરલાલ, મહાસંઘના ઉપાધ્યક્ષશ્રી વિનોદભાઈ, મહાસંઘના ઉપાધ્યક્ષશ્રી રમેશભાઈ, મહામંત્રી પોપટલા, મહામંત્રી બાબુભાઈ, મંત્રી અમૃતભાઈ, સંગઠન મંત્રી કનુભાઈ, સંગટન મંત્રી પ્રવિણભાઈ યુવા પાંખના અધ્યક્ષ શ્રી અજીતભાઈ તેમજ તેમની ટીમ તેમજ આ કાર્યક્રમ માટે પાર્ટી પ્લોટ સાથે સ્વરૂચિ ભોજન પુરૂ પાડનાર રસરાજ પાર્ટી પ્લોટના શ્રી મગનભાઈ તેમજ આ કાર્યક્રમમાં સહકાર આપનાર તમામ હોદ્દેદારો મિત્રો, કાર્યકરો, દાતાઓ, શ્રેષ્ઠિઓનો મહાસંઘના અધ્યક્ષ શ્રી ગોવિંદભાઈ એમ. પ્રજાપતિ તેમજ મહાસચિવશ્રી ગોવિંદભાઈ એ. પ્રજાપતિએ આભાર માનેલ.

આ કાર્યક્રમનું સફળ સંચાલન મહાસચિવ શ્રી ગોવિંદભાઈ એ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠલ ઉપાધ્યક્ષશ્રી શંકરલાલ આઈ. પ્રજાપતિ તેમજ એનાઉન્સર તરીકે શ્રીમતિ સુધાબેન પ્રજાપતિ (કલોલ) દ્વારા સંભાળવામાં આવેલ. અંતમાં સ્વરૂચિ ભોજન લઈ કાર્યક્રમને પૂર્ણ કરેલ જાહેર કરેલ.

**સંકલન : ગોવિંદભાઈ એ. પ્રજાપતિ, મહાસચિવ**

(૨) મહિસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાની ગ્રુપ ગ્રામ પંચાયત પાંચા મહુડી ઝારામાંથી ચાલુ સાલે યોજાયેલ પંચાયનતી ચૂંટણીમાં ઝારા ગામના પ્રજાપતિ જયાબેન ભરતભાઈ ઉ.વ.૪૩ બહુમતીથી ચુંટાઈ આવેલ છે. ગામમાં પ્રજાપતિઓના ફક્ત ૧૧ ઘર છે. પટેલ, બારીયા સમાજનું વર્ચસ્વ હોવા છતાં તેઓ ચુંટાઈ આવ્યા તે બદલ ધન્યવાદ.

(૩) મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ઝારા દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં છેલ્લા છ વરસથી સમરસ તરીકે ચેરમેન પદે પ્રજાપતિ ભરતભાઈ સોમાભાઈ ઉ.વ.૪૪ ચૂંટાઈ આવે છે. ધન્યવાદ.

(૪) શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ-દહેગાનો ૨૪મો સમૂહ લગ્નોત્સવ તા.૫-૨-૨૦૧૭ને રવિવારના રોજ યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ, વિનાયક કોલ્ડ સ્ટોરેજ ખાતે સમાજના ૩૬ યુગલોએ વડીલો, દાતાઓ, આચાર્ય, આશરે ૧૨,૦૦૦ જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિમાં પ્રભુતામાં પગલા પાડ્યા.

દરેક વેદી પર ભૂદેવોએ મુખ્ય આચાર્યની સૂચના મુજબ મંત્રોચ્ચાર સાથે લગ્નવિધી કરી હતી. ભોજન બાદ બપોરે ૧.૩૦ કલાકે સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. નરોડાની બાળા હિમાની કુન્તલ પ્રજાપતિએ પ્રાર્થના રજૂ કર્યા બાદ સંસ્થાના પ્રમુખશ્રી નારણભાઈ એસ. પ્રજાપતિએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા હતા. સૌના સહિયારા પુરુષાર્થથી સમૂહલગ્ન સારી રીતે ઉજવાયો. ઉદ્‌ઘાટક શ્રી ચીનુભાઈ એસ. પ્રજાપતિએ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો.

સમૂહલગ્નોત્સવમાં સમારંભના અધ્યક્ષ શ્રીમતી દિનાબેન કનુભાઈ પટેલ (મોન્ટોકાર્લો પ્રા.લી., અમદાવાદ, ઈસનપુરમોટાવાળા), ઉદ્‌ઘાટક શ્રી ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ (ખાનપુર), વિશિષ્ટ મહેમાન શ્રી રમેશભાઈ સોમાભાઈ પ્રજાપતિ (કન્યાઓના મામા) (બહિયલ, હાલ નરોડા) અને શ્રી ફકિરભાઈ મુળજીભાઈ પ્રજાપતિ (દહેગામ, હાલ નરોડા), મુખ્ય મહેમાન શ્રી અમૃતભાઈ મલાભાઈ પ્રજાપતિ (સોનારડા), શ્રી કોદરભાઈ જેઠાભાઈ પ્રજાપતિ (વાસણા રાઠોડ), શ્રીમતિ જ્યોત્સનાબેન મહેશભાઈ ગુર્જર (હાલીસા, હાલ કેનેડા), ડૉ.હસમુખભાઈ પ્રજાપતિ (નરોડા), શ્રી મહેશભાઈ સાંકળચંદ પ્રજાપતિ (વહેવાલ, હાલ નરોડા), શ્રી કાળાભાઈ તથા ડાહ્યાભાઈ પ્રજાપતિ (ઓઢા), શ્રી મહેન્દ્રભાઈ ગોરધનભાઈ ગુર્જર, શ્રી નટુભાઈ શનાભાઈ પ્રજાપતિ, શ્રીમતિ મધુબેન પ્રજાપતિ (મહિલા કાર્યકર), કુ.ક્રિષ્નાબેન પ્રજાપતિ, શ્રી મનોજભાઈ કાંતિભાઈ, શ્રી નટુભાઈ શનાભાઈ પ્રજાપતિ, શ્રીમતિ મધુબેન પ્રજાપતિ (મહિલા કાર્યકર), કુ.ક્રિષ્નાબેન પ્રજાપતિ, શ્રી મનોજભાઈ કાંતિભાઈ દલવાડી (કંજોડા, નડીયાદ), શ્રી મહેશભાઈ નરસિંહભાઈ (ચલોડા), શ્રી રણછોડભાઈ કોદરભાઈ પ્રજાપતિ (વક્તાપુર, હાલ વસ્ત્રાપુર), શ્રી નટવરભાઈ નાનાભાઈ પ્રજાપતિ (તલોદ), શ્રી ઈશ્વરભાઈ નાનાભાઈ પ્રજાપતિ (તલોદ), શ્રી કાન્તિભાઈ મગનભાઈ પ્રજાપતિ (આંત્રોલી), શ્રી ઈશ્વરભાઈ રામાભાઈ તલોદ, શ્રી બળદેવભાઈ શકરાભાઈ



પ્રજાપતિ (કણભા) તથા મોટી સંખ્યામાં અતિથી વિશેષશ્રીઓ, યુવા કન્વીનર શ્રી જશુભાઈ ગુર્જર, સમૂહલગ્નના કન્વીનરશ્રી અરવિંદભાઈ મંગાભાઈ પ્રજાપતિ (લવારપુર), મ્યુ. કાઉન્સીલર શ્રી ગિરીશભાઈ હરગોવનદાસ પ્રજાપતિ (નરોડા) ઉપસ્થિત રહ્યા હતા.

સમૂહલગ્નોત્સવમાં લગ્ન વિધિની સુંદર વ્યવસ્થા શ્રી નટુભાઈ પ્રજાપતિ (નરોડા) અને શ્રી રાજેન્દ્રભાઈ પ્રજાપતિ (પ્રાંતિજ)એ કરી હતી. શ્રી ઈશ્વરભાઈ પ્રજાપતિ (ડભોડા), શ્રી નંદુભાઈ પ્રજાપતિ (કડાદરા), શ્રી અંબાલાલ પ્રજાપતિ (છાલા), શ્રી બકાભાઈ પ્રજાપતિ (ધારીસણા)એ રસોડામાં ખુબ જ જહેમત ઉઠાવી હતી. ભોજન વિતરણની સુંદર વ્યવસ્થા શ્રી જશુભાઈ ગુર્જર (હાલીસા), શ્રી અશોકભાઈ પ્રજાપતિ (બહિયલ), શ્રી વિપુલભાઈ પ્રજાપતિ (ખાનપુર), શ્રી દિપકભાઈ પ્રજાપતિ (ગાંધીનગર) અને તેમની ટીમે કરી હતી. ચોરી શણગારવાની વ્યવસ્થા શ્રી અરવિંદભાઈ પ્રજાપતિ (લાવરપુર), શ્રી જશુભાઈ ગુર્જર (હાલીસા), શ્રી શાંતુભાઈ પ્રજાપતિ (ધણપ), શ્રી રાજુભાઈ પ્રજાપતિ (પ્રાંતિજ)એ કરી હતી. પ્રેઝન્ટ કલેકશન અને વિતરણ વ્યવસ્થા શ્રી સુબોધભાઈ પ્રજાપતિ (ખાનપુર), શ્રી રમેશભાઈ ધુળાભાઈ પ્રજાપતિ (કઠવાડા), શ્રી ગીરધરભાઈ પ્રજાપતિ (ખાનપુર), શ્રી બાબુલાલ પ્રજાપતિ (જશાજીની મુવાડી)એ કરી હતી. પાણીની સુંદર વ્યવસ્થા અને હૉલની તમામ સફાઈની વ્યવસ્થાનું કામ લગ્ન પહેલા અને લગ્ન પછી શ્રી કનુભાઈ બુધાભાઈ પ્રજાપતિ (દહેગામ), શ્રી વિનભાઈ જોઈતાભાઈ પ્રજાપતિ (દહેગામ), શ્રી કનુભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિ (દહેગામ) અને શ્રી બળવંતભાઈ પ્રજાપતિ (દહેગામ) દ્વારા સુંદર રીતે થયું હતું.

લગ્ન સ્થળે અને ભોજન કક્ષના કાર્યાલયમાંથી શ્રી અશોકભાઈ (નરોડા), શ્રી રમણભાઈ (નરોડા), શ્રી સુરેશબાઈ (નરોડા), શ્રી લલીતભાઈ (દહેગામ) અને શ્રી રમણભાઈ (શિહોલી મોટી)એ સુંદર સેવા આપી હતી. રેલીંગની વ્યવસ્થા શ્રી અશોકભાઈ પ્રજાપતિ (નરોડા) અને શ્રી જતીનભાઈ કનુભાઈ પ્રજાપતિ (નરોડા)એ કરી હતી. શ્રી સ્વામી વિવેકાનંદ યુવા મંચના યુવાનોએ તમામ જવાબદારી સુંદર રીતે કરી હતી. ડૉ.હસમુખભાઈ પ્રજાપતિ અને શ્રીમતી મધુબેન પ્રજાપતિએ ભોજનનો બગાડ અટકાવ્યો હતો.

શ્રી યોગેશ્વર કોલ્ડ સ્ટોરેજ, વિનાયક કોલ્ડ સ્ટોરેજ છેલ્લા ૨૨ વર્ષથી પોતીકુ સ્થળ માની સમુહલગ્ન યોજવામાં આવે છે. સમાજની રચનાત્મક પ્રવૃત્તિમાં નિશ્વાર્થ ભાવે વિના મૂલ્યે આવી મોટી સેવા બદલ કોલ્ડ સ્ટોરેજના શ્રેષ્ઠીઓનું પ્રમુખશ્રીએ ઋણ સ્વીકાર કરી અહોભાવ વ્યક્ત કર્યો હતો.

સંસ્થાના પૂર્વ પ્રમુખ શ્રી ગાંડાભાઈ ગુર્જરે પ્રભુતામાં પગલાં પાડતા નવદંપતિઓને પોતાના નવીન જીવનમાં કેવી રીતે સફળતા મેળવી શકાય તે બાબતે વિસ્તારપૂર્વક શીખ આપી હતી. શ્રી રમેશભાઈ સોમાભાઈ પ્રજાપતિ (કન્યાના મામા - વિમલપાર્ક નરોડા)એ

કન્યાઓને આશીર્વચન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના શ્રી ભીખાભાઈ પ્રજાપતિ (દહેગામ), શ્રી ભરતભાઈ પ્રજાપતિ (ખાનપુર), શ્રી કનુભાઈ પ્રજાપતિ (પરઢોલ) અને શ્રી જેણાભાઈ પ્રજાપતિ (ખાનપુર)એ સુંદર રીતે કર્યું હતું. આભારવિધિ શ્રી ભીખાભાઈ પ્રજાપતિ (જાલીયામઠ)એ કરી હતી. ત્યારબાદ કન્યાઓને વિદાય આપવામાં આવી હતી. હર્ષોલ્લાસ સાથે સૌ વિખરાયા હતા.

**અહેવાલ : શ્રી અરવિંદભાઈ પ્રજાપતિ**

કન્વીનર શ્રી - સમુહ લગ્ન સમિતિ

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામ

(૫) શ્રી વરીયા વૈશ્વવ પ્રજાપતિ જ્ઞાતિ, જુનાગઢ દ્વારા જુનાગઢ મુકામે તા.૧૨-૨-૧૭ને રવિવારે સમૂહ લગ્નોત્સવ પ્રસંગે ટ્રસ્ટી મંડળ તથા યુવક મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પ્રમુખ કાન્તિભાઈની સેવાને બિરદાવવામાં આવી હતી.

- શ્રી વરીયા પ્રજાપતિ સમાજ, થાનગઢ આયોજિત ૩૦મો સમૂહ લગ્નોત્સવ, સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ મુકામે યોજાયો. તેમાં ૧૨ નવદંપતિઓએ જ્ઞાતિના આગેવાનોની હાજરીમાં ભાગ લઈને સફળ લગ્નજીવન ભોગવવા પ્રતિજ્ઞા લીધી હતી.

- શ્રી ગુર્જર પ્રજાપતિ સમાજ દ્વારા રાજકોટ મુકામે ૩૧મો સમૂહ લગ્નોત્સવ તા.૧૯ ફેબ્રુઆરીના રોજ સફળતાથી યોજાયો. દાતાઓના આશિર્વાદથી અને કાર્યકરોની જહેમતથી આ કાર્યક્રમ સફળતાથી પાર પાડવામાં પ્રમુખ શ્રી નરેશભાઈ પાટડીયાની ટીમને સૌએ અભિનંદન આપ્યા.

- શ્રી વરીયા વૈશ્નવ પ્રજાપતિ દ્વારા જેતપુર મુકામે છઠ્ઠો સમૂહ લગ્નોત્સવ તા.૫-૨-૧૭ના રોજ યોજાયો. તેમાં જ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલાં પાડી વડિલોના આશીર્વાદ મેળવ્યા. આ પ્રસંગે રક્દાન કેમ્પનું પણ આયોજન થયું.

- શ્રી ગુર્જર પ્રજાપતિ સમુહ લગ્ન સમિતી જામનગર દ્વારા જામનગર મુકામે તા. ૫-૨-૧૭ના રોજ ૨૧મો સમુહ લગ્નોત્સવ યોજાતા ૭ સાત નવદંપત્તિઓએ પ્રમુખ શ્રી યોગેશભાઈ ચૌહાણ વગેરે વડિલો અને કારોબારી સભ્યોના આશિર્વાદ મેળવ્યા.

- પાટણ પ્રજાપતિ સમાજ દ્વારા ૩૪મો સમુહ લગ્નોત્સવ ચાણસ્મા હાઈવે પર યોજાયો. તેમાં ૧૬ નવદંપત્તિઓએ લાભ લીધો. કન્યાઓને રૂ.૨૧૦૦ની એફડીનો લાભ લીધો.

- ધાન્યધાર પ્રજાપતિ સમાજનો ૨૧મો સમુહ લગ્ન મહોત્સવ ચડોતર મુકામે તા.૧૦-૫-૧૭ના રોજ યોજાતા ૨૭ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા. પ્રજાપતિ સમાજના શ્રી ભીખાભાઈ હરજીભાઈ અને તેમના તમામ કાર્યકરોએ માનજીભાઈ અને મનુભાઈ વગેરે ભાઈઓએ જહેમત ઉઠાવી.

**માહિતી : તંત્રી શ્રી, પ્રજાપતિ ગાથા, જુનાગઢ**



(૬) દાનેશ્વરી ભિક્ષુકને એવોર્ડ

ઉત્તર ગુજરાતના મહેસાણામાં જુદા જુદા મંદિરોની બહાર ઉભા રહીને ભિક્ષામાં મળેલા પૈસામાંથી જરૂરિયાતમંદ અને ખાસ કરીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પુસ્તકો, નોટબુક્સ અને યુનિફોર્મ સહિતની ચીજવસ્તુ લાવી આપતા ઓલિયા ફકીર જેવા અનોખા દાનેશ્વરી ભિક્ષુક ખીમજીભાઈ પ્રજાપતિને મહેસાણાની જ એક સંસ્થા રોટરી ક્લબ, મહેસાણા દ્વારા વિશેષ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. નવાઈની વાત તો એ છે કે આ દાનેશ્વરી ભિક્ષુકને પ્લેનમાં બેસાડી ચેન્નાઈ લઈ જઈને એવોર્ડ પણ અપાયો હતો. તમે કદાચ દેશ-દુનિયામાં દાનવીરો તો ઘણા જોયા હશે, પરંતુ મહેસાણાના આ અલગારી દિવ્યાંક ભિક્ષુકની વાત જ નિરાળી બની રહી છે.

મહેસાણાના દાનેશ્વરી દિવ્યાંગ ભિક્ષુક એવા ખીમજીભાઈ પ્રજાપતિ તેમની શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ રોટલી ક્લબ ઓફ ઈન્ડિયા દ્વારા 'રોટરી ઈન્ડિયા લિટરસી હીરો' એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ચેન્નાઈમાં ગયા શુક્રવારે એવોર્ડ ફંકશનમાં આ ભિક્ષુકનું વિશેષ સન્માન કરવા સાથે તેમને એક લાખ રૂપિયાનો ચેક પણ અર્પણ કરાયો હતો. આ ભિક્ષુકની ખાસિયત એ છે કે તેઓ જુદા જુદા મંદિરની બહાર ઉભા રહીને ભિક્ષામાં મળેલા રૂપિયામાંથી સ્કૂલમાં અભ્યાસ કરતી દીકરીઓને પુસ્તકો, નોટબુક અને યુનિફોર્મ સહિતની ચીજવસ્તુઓ લાવી આપતા હોય છે. સંભવિત આ પહેલી ઘટના બન હશે કે, જેમાં ભિક્ષુકને સોશિયલ કોઝ માટે એવોર્ડ એનાયત થયો હોય. ચેન્નાઈ ખાતે યોજાયેલા સમારોહમાં આશરે ૨૦૦૦ જેટલા મહાનુભાવો વચ્ચે આ ભિક્ષુકનું સન્માન કરાયું હતું.

**(૭) અખિલ ભારતીય પ્રજાપતિ (કુંભકાર) મહાસંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય જીવન સાથી પસંદગી મેળો યોજાશે.** અખિલ ભારતીય પ્રજાપતિ (કુંભકાર) મહાસંઘ ગુજરાત પ્રદેશ આયોજીત રાષ્ટ્રીય કક્ષાનો જીવન સાથી પસંદગી મેળો તા. ૪-૬-૨૦૧૭ને રવિવારના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં ભાગ લેનાર યુવક-યુવતીઓની પ્રવેશના ફી રૂા. ૫૦૦ રાખવામાં આવેલ છે. જેની વધુ વિગતો માટે નીચેના હોદ્દેદારોનો સંપર્ક કરવાનો રહેશે.

પ્રદેશ અધ્યક્ષ શ્રી ગોવિંદભાઈ એમ. પ્રજાપતિ (મો. ૯૮૨૪૩૪૯૫૨૩), પ્રદેશ મહેસચિવ શ્રી ગોવિંદભાઈ એ. પ્રજાપતિ (મો. ૯૮૨૪૫૩૧૨૮૪), યુવા અધ્યક્ષ શ્રી અજીતભાઈ એન. પ્રજાપતિ (મો. ૯૮૨૫૦૧૮૦૬૬), કન્વીનર શ્રી પોપટલાલ એસ. પ્રજાપતિ (મો. ૯૮૨૫૪૫૩૪૮૫), સહકન્વીનર શ્રી ગોપાલભાઈ યુ. પ્રજાપતિ (મો. ૯૮૨૫૧૦૯૭૨૧)

**(સંકલન : ગોવિંદભાઈ એમ. પ્રજાપતિ)**

**(૮) દિવ્યાતિ દિવ્ય ધર્મધામ અને ભવ્યાતિભવ્ય શિક્ષણ સંકુલનું ભવ્ય આયોજન :** પ્રજાપતિ સમાજના કલ્યાણ અર્થે તેમજ સમાજના વિકાસ માટે ભવ્ય આયોજન કરવાનો એક દિવ્ય વિચાર આવતાં **ધર્મધામના નિર્માણ સાથે સુસંગત યોજનાઓની એક ઝલક :**

(૧) ધર્મધામમાં દેવ-દેવીઓના શિખર બંધ મંદિરનું નિર્માણ કરવું. (૨) શિક્ષણ સંકુલ, આરોગ્ય સંકુલ, રમત-ગમત સંકુલ, વૃદ્ધાશ્રમનું નિર્માણ કરવું. (૩) ધર્મ ધામ માટે ૧૦૦ વીઘા જમીન સંપાદન કરવી.

આપશ્રી તરફથી તેમજ સમાજન ાદરેક શાખ, ગોળ તેમજ એક લાખથી વધુ જ્ઞાતિબંધુ તરફથી ઉપરોક્ત વિષય બાબતે સકારાત્મક પ્રતિભાવો મળ્યા બાદ જ આ વિચારને ગતિ આપવામાં આવશે. નીચેના સરનામે પત્ર લખી સંપર્ક કરવા વિનંતી.

સ્વપ્નદૃષ્ટા : અધ્યક્ષ શ્રી દલસુખભાઈ સી. પ્રજાપતિ, મહામંત્રી શ્રી દામજીભાઈ જે. સતાપરા. અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ

કાર્યાલય : સત્યનારાયણ ભવન, સત્યનારાયણ સોસાયટી, બાપુની દરગાહ સામે, રીફાઈનરી રોડ, ગોરવા, વડોદરા-૧૬. ફોન : ૦૨૬૫-૨૨૮૦૮૩૪, ૦૨૬૫-૬૫૪૧૭૭૭ (મો.) ૯૮૭૯૫૪૧૩૩૩

**(૯) મહેસાણા જિલ્લા પ્રજાપતિ સમાજ, વડોદરાનો ૨૪મો સ્નેહમિલન સમારોહ તથા ઈનામ વિતરણ** તા. ૨૫-૧૨-૨૦૧૬ને રવિવારે સપનાના વાવેતર મેરેજ હોલ અને પાર્ટી પ્લોટ, લક્ષ્મીપુરા રોડ, વડોદરા ખાતે ખૂબ જ ઉલ્લાસ અને ખુશીઓ સાથે લગભગ ૬૦૦ કુટુંબીજનોની હાજરીમાં સંપન્ન થયો.

સભા પ્રમુખ પદે સમારંભના સંપૂર્ણ ભોજનદાતા શ્રી રાજેશભાઈ ઈશ્વરભાઈ ઓઝા (આંબલીયાસણ) તથા અતિતિ વિશેષ પદે ડૉ. વિષ્ણુભાઈ અમથાભાઈ ઓઝા (ઉપેરા) તથા આમંત્રિત મહેમાન તરીકે શ્રી રાજેશભાઈ દલસુખભાઈ પ્રજાપતિ તથા શ્રી આત્મારામભાઈ કે. પ્રજાપતિ (જામળા) એ હાજરી આપી સમારંભને શોભાવ્યો હતો.

સભાનો પ્રારંભ દિપ પ્રાગટ્ય શ્રી રાજેશભાઈ ઈશ્વરભાઈ ઓઝા, શ્રીમતી જીજ્ઞાબેન રાજેશબાઈઠ ઓઝા, ડૉ. વિષ્ણુભાઈ અમથાભાઈ ઓઝા, શ્રી રાજેશભાઈ દલસુખભાઈ પ્રજાપતિ, શ્રી આત્મારામભાઈ કે. પ્રજાપતિ, શ્રી રમેશભાઈ ભગવાનભાઈ પ્રજાપતિ, શ્રી શંકરભાઈ શીવરાભાઈ પ્રજાપતિ, શ્રીમતી લલિતાબેન રમેશચંદ્ર ઓઝા તથા શ્રી પ્રહલાદભાઈ સવાભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યો.

ચિ. વત્સલ બળદેવભાઈ પ્રજાપતિએ ગણેશ પ્રાર્થના દ્વારા વાતાવરણ પ્રભુમય બનાવી દીધું. સમાજ કારોબારી સભ્ય શ્રી નારાયણભાઈ લાલાભાઈ પ્રજાપતિએ સૌને આવકારતા સ્વાગત પ્રવચન કર્યું. તમામ મહેમાનોનું ટૂંકમાં પરિચય આપવામાં આવ્યો. તેમજ પૃષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

સમાજ મંત્રી શ્રી પ્રહલાદભાઈ સવાભાઈ પ્રજાપતિએ સમાજના ગયા વર્ષના સરવૈયાની અને અન્ય પ્રવૃત્તિઓની જાણકારી આપી તથા સમાજ પ્રવૃત્તિ માટે દરેકે સક્રિય થઈ સમાજ



પ્રગતિ માટે જે રીતે મદદરૂપ થવાય તે રીતે મદદરૂપ થવા જણાવ્યું તથા દરેક સભ્યને સક્રિય ભાગ લેવા તથા સમયસર આવવા તથા જે સભ્યોની આજીવન સભ્ય ફી બાકી હોય તેમને આજીવન સભ્ય ફી ભરવા અપીલ કરી.

અતિથિ વિશેષ ડૉ. વિષ્ણુભાઈ આત્મારામ ઓઝાએ પોતાના ટૂંકા પ્રવચનમાં સર્વેનો આભાર માન્યો, પોતે બધા જ સ્નેહમિલનમાં હાજર રહ્યા છે તેમ જણાવ્યું. સર્વને સમાજ પ્રવૃત્તિમાં રસ દાખવવા જણાવ્યું. ઈનામ વિતરણમાં સર્વે બાળકોને ખાસ હાજર રાખવાનું સૂચન કર્યું.

આમંત્રિત મહેમાન શ્રી રાજેશભાઈ દલસુખભાઈ પ્રજાપતિએ પોતાના ટૂંકા પ્રવચનમાં સૌને નવા વર્ષના શુભેચ્છા પાઠવી તથા પોતાને આમંત્રિત કરવા બદલ હર્ષના લાગણી વ્યક્ત કરી. બાળકોને ભણતરનું મહત્ત્વ સમજાવતા ભણવા તરફ ધ્યાન આપવા તથા ઉચ્ચ અભ્યાસ માટે સખત પરિશ્રમ કરવા સૂચન કર્યું. આપણો સમાજ ઘણો જ મોટો છે, આપણે હજુ ઘણી જાગૃતિની જરૂર છે તેમ જણાવ્યું. આમંત્રિત મહેમાન શ્રી આત્મારામભાઈ કે. પ્રજાપતિએ પોતાના ટૂંકા પ્રવચનમાં રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની ભરતી વિશેની માહિતી આપી. દરેક વિદ્યાર્થીએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી તેવી અપીલ કરી તથા આવી પરીક્ષા માટે તેમની મદદની જરૂર હશે તો તે સદાય તત્પર છે તેમ જણાવ્યું. તેઓ કેરીયર ગાઈડના પ્રોગ્રામ કરે છે તે વિશે માહિતી આપી તથા આવો એક પ્રોગ્રામ વડોદરામાં પણ આપણા સમાજના વિદ્યાર્થીઓ માટે કોઈ પણ જાતની ફી લીધા વગર કરવાનું કહ્યું. સર્વેને રોજગાર સમાચાર મંગાવવા વિશે ઝણાવ્યું તથા તેનું લવાજમ તેઓશ્રી ભરશે તેમ જણાવ્યું.

સભા પ્રમુખ તથા ભોજનદાતા શ્રી રાજેશભાઈ ઈશ્વરભાઈ ઓઝાએ પોતાના ટૂંકા પ્રવચનમાં પોતાને આ સ્થાન મળવા બદલ ગૌરવ અનુભવું છું તેવું જણાવ્યું. દરેકે સમાજ પ્રવૃત્તિમાં આગળ આવવું જોઈએ તથા ઉદાર હાથે વધારેને વધારે દાન આપવું જોઈએ તથા સમાજ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું જોઈએ તેમ જણાવ્યું. સમાજની ક્રેડિટ સોસાયટી વિશે ચર્ચા કરી. સમાજને જ્યારે પણ પોતાના લાયક કઈ સેવા હશે તો તેઓ સદાય તત્પર છે તેમ જણાવ્યું.

સ્વ. ભગવાનભાઈ ભીખાભાઈ પ્રજાપતિ તરફથી ધો. ૧૦, ૧૨ અને એન્જિનિયરીંગમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને ચાંદીના સિક્કા અને રોકડ પુરસ્કાર અર્પણ કર્યા.

છેલ્લે સમાજ મંત્રી શ્રી પ્રહલાદભાઈ સવાભાઈ પ્રજાપતિએ જે કોઈએ સમારંભને સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપેલ છે તે સર્વેનો આભાર માની સમારંભને પૂર્ણ જાહેર કર્યો અને સૌને પ્રીતિ ભોજન લેવા માટે વિનંતી કરી. પ્રીતિ ભોજન લીધા બાદ સૌએ મીઠી યાદ સાથે ફરી મળવાના કોલ સાથે વિદાય લીધી.

**(સંકલન : પ્રમુખ શ્રી શંકરભાઈ શીવરાભાઈ પ્રજાપતિ)**

# આ દુનિયા તમારી નથી !

**– સી. એસ. ઓઝા**

ડૉ.આલ્બર્ટ સ્વાઈત્ઝરના શબ્દો છે, તમારા માટે ફક્ત જીવવું એ પૂરતું નથી. એ જ રીતે સારા પતિ, પિતા અથવા કુટુંબપાલક થવામાં સંતુષ્ટ રહેવું એ પૂરતું નથી. તમારે જીવનમાં કાંઈક વધુ અગત્યનું કામ કરવું જોઈએ. તમે જ્યાં હો ત્યાં હંમેશા કોઈ ઉમદા કામ મળી રહે એ માટે પ્રયાસ કરો અને તમારા જીવનને કેવી રીતે વધુ ઉદાત્ત બનાવી શકાય તે શોધી કાઢો. જે લોકો દુઃખી હોય, મદદ ઝંખતા હોય અને તેને માટે બીજા તરફ દૃષ્ટિ દોડાવતા હોય તેમને માટે, કામ કરવાના અધિકાર સિવાય, બીજું કોઈ મહેનતાણું લીધા સિવાય તમારે કંઈક કામ કરવું જોઈએ, કારણ કે તમે તમારી પોતાની કોઈ આગવી દુનિયામાં રહેતા નથી. તમારા માનવબંધુઓ પણ અહીં છે - હંમેશા એ યાદ રાખજો.

સાચે જ, કોઈ પણ વ્યક્તિ પોતાના આગવા ઘરમાં પક્ષીની જેમ આગવો રહેવા માગે તો પણ રહી શકતો નથી. કોઈ માણસની આગવી દુનિયા નથી. મારા વિસ્તારમાં નાના બે બાળકો સાથે રહેતા એક ધોબીને મેં તેના ઘરે એકવાર એકલો જોતાં પૂછ્યું, તમારા બે છોકરા ક્યાં છે ? તેણે કહ્યું, મેં તેમના લગ્ન કરાવી આપ્યા પરંતુ તેઓ હવે મારા ઘરમાં રહેવાને બદલે, પોતાની પત્ની સાથે ઘરમાંથી નીકળી ગયા છે અને જુદા રહેવા જતા રહ્યા છે. એ હવે ક્યાંક આગવી દુનિયામાં રહે છે. મને યાદ છે, પિતા બંને છોકરાઓને પરણાવતી વખતે જેટલા ખુશ હતા, તેટલા જ આ વાત કહેતી વખતે ગમગીન લાગતા હતા. એ ધોબીએ કહ્યું, મારા છોકરાઓ પણ આગવા રહી શકશે નહિ. તેમણે પણ છોકરાઓની જંજાળ વળગશે અને તેઓ પણ, મારી જેમ છોકરાઓની મદદ માટે જીવવા શું માંગશે.

એ બંને છોકરા ભણીને પણ પોતાના અભણ મા-બાપને છોડીને જતા રહ્યા છે. આવી હાલત માટે કોઈને દોષ આપવાનું યોગ્ય નથી એમ પૂ.દાદાશ્રીનું પણ દૃષ્ટિબિંદુ બતાવે છે. શ્રી કુલદીપકજી કહે છે કે આ સંસારમાં જે જીવમાત્ર છે તે કુદરતના ગેસ્ટ છે. કુદરતે આવી સુવિધા કે આવી હાલત પુરી પાડી હોય તો ડરવાનું શું કારણ ? જો તમે કુદરતના ગેસ્ટ છો તો શા માટે ભય પામો છો ? કુદરત જ તમને બધુ મેળવી આપશે. આવો જ હકારાત્મક અભિગમ પેલા ધોબીએ પણ અપનાવી લીધો છે. થોડા દિવસ એ ધોબીએ પણ નિરાશામાં રહ્યા પછી, જાતને સંભાળી લીધી છે, પત્નીને સંભાળી લીધી છે, ધંધાને સંભાળી લીધો છે અને પોતાની બાકીની જિંદગીને પણ સંભાળી લીધી છે.

પૂ. દાદાશ્રીના તત્ત્વજ્ઞાનના ગંભીર પ્રશ્નોને હળવી રીતે તપાસવા જેવા છે. મારું ઘર, મારું કુટુંબ, મારું શહેર, મારું મન - એ બધા પરથી પોતાને હટાવી લેવાની તાકાત સહેલી નથી, પરંતુ એ સિવાય દુઃખમાંથી મુક્ત થવાનો બીજો કોઈ ઉપાય પણ નથી. ઊંઘમાં આપણે ગુમ થઈ ગયા પછી બીજા દિવસે જાતને જોઈએ તો ઘણો આનંદ થાય છે. થાક ઉતારવા ઊંઘની જરૂર હોય છે એમ વગર કારણે, ઉજાગરો કરનારને પણ લાગે છે. પોતાને ઊંઘ ન આવે તો પડોશીને જગાડવાની ઈચ્છા થાય પરંતુ જાતે જ બેસી રહેનારને પાછળથી ઊંઘ આવી શકે. જો તમારા શરીરની ઊંઘ પણ તમારું માનતી ના હોય ત્યારે તમારા છોકરો કે છોકરાની વહુ હંમેશા તમારું જ માને, એવી આશા કેમ રાખી શકાય ? એ જ રીતે, આપણી પ્રજા આપણું કેમ માનતી નથી, એવી ચિંતા રાખવાથી કદી ફાયદો થતો નથી. પરંતુ આપણા કુટુંબના માણસો કે આપણી ઓફિસના માણસો આપણી બધી સૂચનાઓ ઉપર ધ્યાન નથી આપતા, એ માટે ઉંઘ નથી આવતી, એવો વિચાર શા માટે આપણે કરવો જોઈએ. પોતાની જાતને પણ ભોગવી શકવાની તાકાત માણસમાં હોતી નથી, ત્યારે પડોશી કે સંબંધીઓના લાભ લેવાનું સુખ માટે નિરંદર જાગૃતિની ઈચ્છા રાખવી જોઈએ. આપણા માટે આખી દુનિયા ચિંતા કરે, એ શક્ય જ નથી. આપણી ઊંઘને આપણે જ હલાવવી જોઈએ - આપણા માટે ! આપણે જાતે જ વહેલા ઉઠી જવું જોઈએ, આપણા માટે અને આપણી જિંદગી માટે !

# ભૂતપૂર્વને બદલે અભૂતપૂર્વ બનો

આપણે માત્ર સમાજની સેવા કરવી હોય અને ખરેખર સમાજના વિકાસ માટે ઉપયોગી બનવું હોય, સમાજ માટે કંઈક કરવાની ભાવના કે લાગણી હોય તો પદ-બદના ચક્કરમાં ન પડવું જોઈએ. પદ વગરની સેવામાં લાગી જવું જોઈએ કારણ કે પદ અને મદ બંને સગા ભાઈઓ છે. પદ મળતા જ માણસમાં મદ આવી જતા વાર લાગતી નથી અને તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. એના માટે કોઈને કાંઈ કહેવાની જરૂર નથી અને તેનો અનુભવ આપણને ક્યાંક ને ક્યાંક થયો હશે જ. તેથી જ મનુષ્ય અહંકારી બની જાય છે તો પછી તેવા અહંકારી આદમી સમાજની કે રાષ્ટ્રની કે કુટુંબની સેવા કેવી રીતે કરી શકે ?

પદ શાશ્વત નથી પદ પરથી ઉતરતા જ માણસ ભૂત બની જાય છે અને એટલા માટે જ આપણે આપણા ગામમાં સરપંચ જ્યારે પાંચ વર્ષ પુરા કર્યા પછી આપણે સૌ સરપંચને ભૂતપૂર્વ સરપંચ કહીએ છીએ. જ્યારે સંતો, ઋષિ મુનિઓ ક્યારેય ભૂત નથી હોતા. શું તમે ક્યારેય સાંભળ્યું છે ભૂતપૂર્વ રામચંદ્રજી, ભૂતપૂર્વ કૃષ્ણ ? અને એટલા માટે સંતમૂનિ કહી ગયા છે કે પદમાં રાજી થવા વાળા ભૂતપૂર્વ અને પ્રભુમાં રાજી થવા વાળા અભૂતપૂર્વ બની જાય છે તો આપણે શું બનવું છે ? ભૂતપૂર્વ કે અભૂતપૂર્વ ?

**- મનુભાઈ કાશીરામ પ્રજાપતિ**
**એડવોકેટ એન્ડ નોટરી**
**ચાંદલોડીયા, અમદાવાદ**